ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૩૫.૦° સે.	૨૫.૦° સે.
બારડોલી	૩૨.૦° સે.	૨૪.૦° સે.
ભરૂચ	૩૫.૦° સે.	૨૫.૦° સે.
વ્યારા	૩૨.૦° સે.	૨૪.૦° સે.

સંક્ષિપ્ત સમાચાર

કોસંબાના લીંડિયાત ગામે કામદારનું મોત

હથોડા: કોસંબાના લીંડિયાત ખાતે આવેલી ફેક્ટરીના બીજા માળેથી કામદાર યુવાન થૂકવા જતાં જમીન પર પટકાવાથી મોત થયું હતું. ઘટનાની વિગત એવી છે કે, લીંડિયાત ગામે આવેલી જેનીલ સ્ટીલ નામની ફેક્ટરીમાં વિરેન્દ્રસિંગ હાસનસિંગ (ઉ.વ.43) મજૂરીકામ કરતો હતો. જે આજે કંપનીના બીજા માળેથી થૂંકવા જતાં શરીરનું સંતુલન ગુમાવી દેતાં જમીન પર પટકાતાં મોત થયું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

માંગરોળમાં ખેડૂતોને સહાય માટે આપનું આવેદન

વાંકલ: માંગરોળના આમ આદમી પાર્ટી દ્વારા માંગરોળ મામલતદારને આવેદનપત્ર સુપરત કરાયું હતું. તેમાં જણાવ્યા મુજબ સતત વરસાદથી નુકસાન પામેલા માંગરોળ ઉમરપાડાના ખેડૂતોને સહાય ચૂકવવા અને ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે.

વીરપુરમાં રોડ અને પુલના ત્રણ કામનું ખાતમુહૂર્ત

વ્યારા: વાલોડ તાલુકામાં એમ.એમ.જી.એસ.વાય. અને બજેટ ઉચ્ચક જોગવાઈ અંતર્ગત તાપી જિલ્લાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તક મંજૂર થયેલા પેલાડ બુહારીને જોડતા બ્રિજ તથા વિરપોર એપ્રોચ રોડ, પેલાડ બુહારી એપ્રોચ રોડ સહિતનાં ત્રણ કામોનું મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિરપોરના આનંદ આશ્રમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વાલોડ તાલુકા પંચાયત પ્રમુખ સહિત પંચાયતના હોદ્દેદારો, ગામના આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

સાયણમાં રજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજા કરવામાં આવી

જયેશ પટેલ

સાયણ: સાયણ રાજપૂત યુવક મંડળ દ્વારા વિજયા દશમી દશેરા પર્વ નિમિત્તે રાજપૂત સમાજના વડીલો, યુવાનો અને મહિલાઓ એકત્રિત થઈ શસ્ત્ર પૂજન તથા સમી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિલીપસિંહ અડાજણીયા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરી શ્રત્રિય સમાજે શસ્ત્રની પૂજા કેમ કરવામાં આવે છે એ વિશે વિસ્તૃત માહિતી આપી આભાર વિધિ કરવામાં આવી હતી.

માંડવીના ચોરાંબા ગામમાં નવા ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું

હિતેશ પટેલ

માંડવી: માંડવીના ચોરાંબા ગામમાં બીજી ઓક્ટોબરે નવા ગ્રામ પંચાયતના ભવનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ગામમાં સુવિધા મળી રહે એ માટે સમયાંતરે સરપંચ રમેશભાઈ જે. ચૌધરીએ પંચાયત ઘરની માંગણી કરતાં રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા મંજૂરી મળતાં પંચાયત ભવનનું નિર્માણ થયું હતું. નવા બનેલા પંચાયત ભવનને કારણે ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ ગ્રામ્ય સ્તરે જ સરળતાથી અને ઝડપથી મળી રહેશે. આ પ્રસંગે પંચાયત તમામ સભ્યો, ગામના આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

મહુવાના દિશા નોલેજ હબ વસરાઈના વિદ્યાર્થીઓએ શ્રમદિવસ ઉજવ્યો

સલમાન દિવાન

ભોરિયા: મહુવાના વસરાઈની દિશા નોલેજ હબના વિદ્યાર્થીઓ દિશા ફાઉન્ડેશનની ટીમ સાથે વહેવલ ગામના સાયક્લોન અસરગ્રસ્ત વિસ્તારમાં ઘર નિર્માણ મહાભિયાનમાં યોગદાન આપી શ્રમ દિવસમાં ભાગીદાર થયા હતા. આ કપરા સંજોગોમાં પોતાનું ઘર ગુમાવેલા પરિવારો માટે આશાનું ઘર ઊભું કરવાનો પ્રયત્ન માત્ર એક સામાજિક કાર્ય જ નથી, પરંતુ માનવતા પ્રત્યેની આપણી જીવંત પ્રતિબદ્ધતા પણ છે. ગાંધીજીના આદર્શો પરથી પ્રેરાઈને "માનવસેવા એ જ પરમસેવા" સાથે 1000 કલાકનું શ્રમદાન કર્યું હતું. યોગેશ પટેલ જેઓ સતત આ ગામની પડખે છે તેમના માર્ગદર્શન થકી જિમિલ પટેલના સંકલ્પથી ૨૦૦ પતરાં ત્રણ ઘર માટે મોકલાયાં હતાં.

વદેશિયાની ગ્રામસભામાં સ્વછતા, શિક્ષણ અને આરોગ્ય બાબતે ચર્ચા

હિતેશ પટેલ

માંડવી: મહાત્મા ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે વદેશિયામાં અહિંસા અને સ્વચ્છતા દિવસ સરપંચ મિતલ વિલાસભાઈ ચૌધરીના અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં વદેશિયા ગામમાં અહિંસા અને સ્વચ્છતા દિવસની ગ્રામસભાનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ખાસ ઠરાવ મુજબ આજથી ગામમાં સફાઈ માટે ઈ-સાઇકલ સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા અભિયાનને વધુ ગતિ આપશે અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવામાં સહાયરૂપ થશે. સભામાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ગામની ચર્ચા કરાઈ હતી. ભવિષ્યમાં ગામના સર્વાંગી વિકાસ માટે વિવિધ મહત્ત્વપૂર્ણ ઠરાવો પસાર કરાયા હતા. તમામ વિભાગોના કર્મચારીઓ અને ગ્રામજનોના અથાક પ્રયાસોથી વદેશિયા ગામ હવે નવી દિશામાં આગળ વધી રહ્યું છે. વધુમાં હવે તાલુકા મથક અરેઠ ખાતે કાર્યરત થવાથી ગામના વિકાસમાં અનેક નવી સિદ્ધિઓ ઉમેરાશે. આ પ્રસંગે સમગ્ર ગામ તરફથી સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અરેઠ નવો તાલુકો બન્યો, પણ જૂના પ્રશ્નો હજુ વણઉકેલ્યા

અરેઠના ગ્રામજનોને 4 વર્ષથી મનરેગામાં રોજગાર મળ્યો નથી !

રોજગાર અને આવાસ ફાળવવા મંત્રીને લેખિત રજૂઆત

હિતેશ પટેલ

માંડવી: અરેઠના ગ્રામજનોને મનરેગા યોજના હેઠળ રોજગાર, આવાસની ફાળવવા માટે તાલુકા પંચાયતના સભ્ય દ્વારા રાજ્ય કક્ષાના મંત્રી કુંવરજીભાઇ હળપતિને લેખિતમાં રજૂઆતો કરાઈ હતી.

લેખિતમાં જણાવ્યા અનુસાર અરેઠ ગામમાં છેલ્લાં ચાર વર્ષથી મનરેગા યોજના હેઠળ ગ્રામજનોને રોજગાર મળ્યો નથી. અરેઠ ગ્રામ પંચાયતના ગ્રામજનોને રોજગાર મળે એ માટે કોઈ કાર્યવાહી કરાઈ નથી. જેથી મનરેગા યોજના હેઠળ ગરીબ આદિવાસી પરિવારોને રોજગાર મળે એ માટે ઘટતું કરવા રજૂઆત કરવામાં આવી હતી. બાદ અગાઉની પંચાયતે 10 વર્ષ સુધી ગ્રામજનોને લાભાર્થીઓના આવાસ મળે એ રીતે કોઈ કાર્યવાહી કરી ન હોવાથી તેમજ હાલના પંચાયત શાસકો દ્વારા પણ આવાસ મળે એવી કોઈ આશા દેખાતી નથી. ત્યારે ગરીબ આદિવાસી પરિવારને આવાસોની સુવિધા મળે તેવા હેતુલક્ષી ચર્ચા કરી રજૂઆત કરવામાં આવી હતી. તાલુકા પંચાયતના સભ્ય પ્રવીણભાઈ ચૌધરીએ મંત્રીને સાથે રોજગારલક્ષી કામો તથા રહેવા માટે આવાસનો લાભાર્થીઓને લાભ મળે તેવી માંગ કરી હતી.

બારડોલીમાં સાઈડ સોલ્ડરિંગથી રિફ્લેક્ટર અને પટ્ટાને નુકસાન!

માર્ગ-મકાન વિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ

બારડોલી: બારડોલી-નવસારી રોડનું નવીનીકરણ થયા બાદ લાંબા સમયથી તેની ગુણવત્તા અને કામગીરી પર સવાલો ઊઠી રહ્યા છે. તાજેતરમાં રોડની સાઈડમાં કરવામાં આવેલા સોલ્ડરિંગની નબળી ગુણવત્તા સામે આવી છે. જેણે માર્ગ-મકાન વિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ મૂક્યો છે.

નવીનીકરણ બાદ રોડની સાઈડ સોલ્ડરિંગનું કામ પૂરતા ધ્યાન અને મજબૂતાઈથી કરવામાં આવ્યું નથી. એટલું જ નહીં આ કામગીરી માટે હલકું મટિરિયલ વાપરવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. જેના કારણે સાઈડના પુરાણની મજબૂતી નબળી પડી ગઈ છે. પરિણામે ટ્રાફિકના ભારણ કે અન્ય પ્રવૃત્તિઓથી આ કિનારીઓ તૂટી રહી છે.

સૌથી મોટી બેદરકારી એ છે કે સાઈડ સોલ્ડરિંગનું કામ ટ્રેક્ટર જેવાં અયોગ્ય સાધનો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભારે અને અનિયંત્રિત ટ્રેક્ટરના ઉપયોગથી રોડ પર લગાવેલાં રિફ્લેક્ટર અને સલામતી માટે દોરવામાં આવેલા વ્હાઇટ પટ્ટાઓ (માર્કિંગ)ને પણ મોટા પાયે નુકસાન થયું છે. રોડની સુરક્ષા માટે આવશ્યક એવાં આ ઉપકરણોને નુકસાન થવાથી વાહનચાલકોની સલામતી જોખમાઈ છે. સ્થાનિકો અને વાહનચાલકોમાં આ નબળી કામગીરીને લઈને ભારે રોષ છે. લોકો માર્ગ-મકાન વિભાગની આ કામગીરીને 'અક્કલનું પ્રદર્શન' ગણાવી રહ્યા છે. આ મુદ્દે તંત્ર તાત્કાલિક ધોરણે યોગ્ય તપાસ કરે અને નબળી ગુણવત્તાની કામગીરી સુધારે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

માટીનું ડમ્પર ખાલી કરવા મુદ્દે સળિયા વડે હુમલો

પીપોદરા જીઆઈડીસીમાં બનેલી ઘટના

ચાલકે રોયલ્ટી અને વજનની પાવતી નહીં આપતાં માથાકૂટ, 5 સામે લેખિત ફરિયાદ

હથોડા: પીપોદરા જીઆઈડીસીમાં ફેક્ટરીમાં બાંધકામ કરવામાં આવતાં અને ત્યાં માટેનો ડમ્પર ખાલી કરવા આવતાં ચાલક પાસે રોયલ્ટી અને વજનની રસીદ માંગવામાં આવી હતી. રસીદ નહીં મળતાં માટી ખાલી કરવાની ના પાડતાં ઉશ્કેરાયેલા ચાલકે માથાકૂટ કરી હતી, જેમાં ચાલકના સાથીદારો તેમજ ચાલકે રોહિતભાઈ નારણભાઈ કોતરને માથામાં લોખંડનો સળિયો મારી દેતાં લોહીલુહાણ થઈ ગયો હતો.

ઘટનાની વિગત એવી છે કે, પીપોદરા જીઆઈડીસીમાં હરિઓમ ઈન્ડસ્ટ્રિઝના પ્લોટ પર બાંધકામ ચાલે છે. જ્યાં રણજીતભાઈ ભરવાડના ડમ્પરનો ડ્રાઈવર માટી ભરી બાંધકામ સ્થળે આવ્યો હતો. તેની પાસે બાંધકામ કરનાર માલિક રોહિતભાઈ નારણભાઈ કોતરે રોયલ્ટી અને વજનની રસીદ માંગતાં ચાલકે ઈનકાર કરતાં તેમણે માટી ખાલી કરવાની ના પાડી હતી. જેથી ચાલકે કહ્યું હતું કે, તમારા માટી તો ખાલી કરવી જ પડશે અને ગાળાગાળી સાથે માથાકૂટ કરી હતી. બાદ ડમ્પર માલિક રણજીતભાઈ ભરવાડ, રાજુભાઈ પરમારે ભરવાડ તથા એક અજાણ્યો અને એક ફોર્ચ્યુનર ગાડીમાં આવેલા અન્ય બે અજાણ્યા ઈસમે વધુ માથાકૂટ કરી ગાળો આપી રોહિતભાઈ તેમજ રોહિતભાઈના પિતરાઈ ઘનશ્યામભાઈને ગાળો આપી ઝપાઝપી કરી ઢીકામુક્કીનો માર મારી રોહિતભાઈના કપાળના ભાગે લોખંડને સળિયો મારી દીધો હતો. આથી લોહીલુહાણ થતાં સારવાર માટે લઈ જતા હતા ત્યારે ફોર્ચ્યુનર ગાડીમાં આવી રવિભાઈ તેમજ અન્ય અજાણ્યા બે ઈસમે બનાવ બાબતે ફરિયાદ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે પાંચ જણા સામે ફરિયાદ દાખલ થઈ હતી.

બાજીપુરા કમાલછોડના ઉપ સરપંચ સામે ગ્રામસભામાં રોષ

અભદ્ર વ્યવહારના આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા કલેક્ટરને આવેદન

13મી ઓક્ટોબરે ફરીથી ગ્રામસભા યોજવા ગ્રામજનોની માંગ

વ્યારા: વાલોડના બાજીપુરા કમાલછોડ ગ્રામ પંચાયતમાં ગત બીજી ઓક્ટોબરે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભા દરમિયાન ગામના ઉપસરપંચ આશિષ ભકતાએ ગ્રામજનો સાથે ગાળાગાળી કરી અભદ્ર વ્યવહાર કર્યો હોવાનો ગ્રામજનો દ્વારા આરોપ કરવામાં આવ્યો છે. ગ્રામજનોએ 13 ઓક્ટોબરે જિલ્લા કક્ષાના અધિકારીની ઉપસ્થિતિમાં ફરીથી ગ્રામસભા યોજવાની માંગ સાથે તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

ગ્રામસભામાં સંજય કોલોની વિસ્તારના લોકો દ્વારા પોતાના વિસ્તારમાં રોડ-રસ્તાનાં કામો કરવા સહિત સ્વચ્છતાને લઈ પ્રશ્નો પૂછવામાં આવતાં કમાલછોડ ગ્રામ પંચાયતના ઉપસરપંચ આશિષ ભક્તાએ ગાળાગાળી સાથે દુર્વ્યવહાર કરી લોકોના વિવિધ પ્રશ્નોને સાંભળ્યા વિના વચ્ચેથી ગ્રામસભાને અટકાવી ગ્રામસભા આટોપી લેવામાં આવતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. જેના પગલે શુક્રવારે ગ્રામજનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી 13મી ઓક્ટોબરે કમાલછોડ ગ્રામ પંચાયતમાં ફરીથી ગ્રામસભા યોજવાની માંગ કરી છે અને 13મી ઓક્ટોબરે ગ્રામસભા ન યોજાય તો ગ્રામજનોએ ગ્રામ પંચાયતનો ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

સંક્ષિપ્ત સમાચાર

કોસમાડામાં ધૂમ સ્ટાઇલમાં મોબાઇલની ચીલઝડપ

કામરેજ: કોસમાડા નજીક બાઇક લઇને ઊભેલા દંપતિનો બાઈક સવાર બે અજાણ્યા ઈસમો લઈને નાસી છૂટ્યા હતા. મૂળ અમરેલી જિલ્લાના ડુંગર ગામના વતની અને હાલ પુણા રવિપાર્ક સોસાયટીમાં મકાન નંબર 20 માં મનુ બોઘાભાઈ બલદાણિયા ત્રણ દિવસ અગાઉ પત્ની લીલાબેન સાથે પોતાની બાઇક લઇને માંકણા ગામે રહેતા સંબંધીના ઘરે માતાજીના નૈવેદ્યમાં ગયા હતા. ત્યાંથી પરત થતી વખતે રાત્રે 9.30 કલાકે કામરેજ તાલુકાના કોસમાડા ગામની હદમાં ટ્રાફિક હોવાથી અંધારામાં બાઈક ઉભી રાખી હતી. દરમિયાન ધૂમ સ્ટાઇલમાં મોટરસાઇકલ પર આવેલા બે અજાણ્યા ખિસ્સામાંથી તેમનો મોબાઇલ ખેંચી નાસી છૂટ્યા હતાં. તેમણે કામરેજ પોલીસ સ્ટેશનમાં રૂપિયા 20હજારની કિમતના મોબાઇલ ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

પલસાણામાં પારિવારિક ઝઘડા બાદ પરિણીતાનો આપઘાત

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઉર્મિલા નગર ખાતે પારિવારિક ઝઘડા બાદ એક પરિણીતાએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. બનાવની વિગત મુજબ મૂળ બિહારના મુંગેરના નામ પીન્કી દેવી (ઉ.વ.૨૨) હાલમાં પલસાણાની ઉર્મિલા નગર સ્થિત લલીકાંત એન્ડ સન્સ, ગોપાલ ભાઈ બિલ્ડિંગના રૂમ નંબર ૧૫ માં રહેતા હતા. ગુરુવારે સાંજે તેમનો પતિ રાજદેવ કુમાર ભુષણભાઈ મંડલ (ઉ.વ.૩૮) સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડાને કારણે તેમને ખોટું લાગી આવતા, તેમણે કાપડની ઓઢણી વડે ગળેફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું હતું.

ગડતમાં અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધનું મોત

વ્યારા: ડોલવણના ગડત ગામે સરકારી દવાખાના પાસે વાપી-શામળાજી નેશનલ હાઈવે નં.56 પર અજાણ્યા મોટરસાઈકલની અડફેટે આવતાં 67 વર્ષીય રાહદારીનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી અનુસાર ડોલવણ તાલુકાના રામપુરા ગામે રહેતા 67 વર્ષીય રમણભાઈ સીમરાભાઈ ગામીત ગત રોજ સવારે સાડા નવ વાગ્યાના અરસામાં ગડત ગામે પોતાના કોઈક કામ માટે રોડ પર ચાલતા જતા હતા. દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાની મોટરસાઈકલને ગફલતભરી રીતે હંકારી લાવી રામણભાઈને ટક્કર મારી દેતાં ગંભીર ઈજા થતાં રમણભાઈને ગડત સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપી વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જતાં રમણભાઈનું મોત થતાં પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કર્યો હતો.

વિકૃતે 2 ઓક્ટો.એ જ ગાંધીજીને રાવણ સાથે સરખાવ્યા!

કામરેજ તાલુકા નાગરિક સમિતિ ગ્રુપમાં પોસ્ટ મૂકનાર સામે પોલીસ સ્ટેશનમાં અરજી

કામરેજ : કામરેજના સોશિયલ મીડિયા ગ્રુપમાં મહાત્મા ગાંધી વિશે પોસ્ટર સાથે વિવાદાસ્પદ ટીપ્પણી કરવામાં આવતાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે પોસ્ટ મૂકનાર સામે પોલીસ મથકમાં અરજી કરાઈ છે.

કામરેજ તાલુકા નાગરિક સમિતિ ગ્રુપ(KNS) વોટસઅપમાં વર્ષ-2018માં બનાવવામાં આવ્યું હતું. જેમાં કામરેજ તેમજ આજુબાજુના વિસ્તારોના રહેવાસીઓ ગ્રુપના સભ્યો છે. જેમાં 2 જી ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીએ દેશમાં જ્યારે મહાત્મા ગાંધીજીની વિચારધારાની ચિંતન અને પૂજા થાય છે ત્યારે કામરેજ નાગરિક સમિતિમાં નિમ્ન કક્ષાની માનસિકતા ધરાવતા લોકો વિશ્વ વંદનીય મહાત્મા ગાંધીજી વિશે વિવાદસ્પદ ટીપ્પણી કરી મહાત્મા ગાંધીની સરખામણી રાવણ સાથે કરતા હોય તેવી પોસ્ટ મૂકી વિવાદ સર્જાતાં લોકોની લાગણી દુભાઈ જતાં કામરેજ તાલુકા કોંગ્રેસના માજી પ્રમુખે પોસ્ટ મૂકનાર સામે પોલીસ મથકમાં અરજી આપી હતી.

ભેંસ આવી જતાં દાંડીના યુવકનું અકસ્માત મોત

સાયણ: ઓલપાડ કાંઠાના દાંડી ગામે પીપળિયા ફળિયામાં નીરૂબેન ભરતભાઈ ખલાસી નામની વિધવાના એકના એક પુત્ર રોહન (ઉ.વ.૨૮) સાથે રહી ઘરકામ કરે છે. સુરત શહેરમાં ખાનગી નોકરી કરતો રોહન ગત ગુરુવાર, તા.૨ના રોજ સાંજે તેની માલિકીની નવી મોપેડ હંકારી ઘરેથી સુરત નોકરીએ જવા માટે નીકળ્યો હતો. જ્યારે સુરત-દાંડી રોડ ઉપર લવાછા ટેકરા બસ સ્ટોપ પાસેથી મોપેડ પૂરઝડપે હંકારી પસાર થઈ રહ્યો હતો. ત્યારે સાંજે ૭:૧૫ કલાકે મોપેડના સ્ટીયરિંગનો કાબૂ ગુમાવતાં તે રોડ ઉપર રખડતી ભેંસ સાથે અથડાયો હતો. આ અકસ્માતમાં રોહનને સારવાર અર્થે સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ બાબતે ઓલપાડ પોલીસે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

પંજાબ નૈશનલ બૈંક punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ : એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ : યુજી એ ૧, ૧ સી, ઉધના દરવાજા નજીક, રીંગ રોડ, સુરત (ગુજરાત) ૩૯૫૦૦૨ email: bo110610@pnb.co.in

પરિશિષ્ટ -૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૪/૦૬/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ હેઠળ **દેવાદારો /ગીરવેદાર શ્રી છગનલાલ શર્મા (દેવાદાર) અને શ્રીમતી શારદા શર્મા (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૧,૩૫,૯૩૪.૭૬/- (અંકે રૂા. અગીયાર લાખ પાત્રીસ હજાર નવસો ચોત્રીસ અને છોત્તેર પૈસા પુરા) તા.૨૩.૦૬.૨૦૨૫** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/ જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૦૧મી ઓક્ટોબર ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

ખાસ કરીને દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૧,૩૫,૯૩૪.૭૬/- (અંકે રૂા. અગીયાર લાખ પાત્રીસ હજાર નવસો ચોત્રીસ અને છોત્તેર પૈસા પુરા)** અને વધારાનું વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી કિષ્ણા હેરીટેજ',બિલ્ડીંગ નં.- ડી ના ૯મા માળ નો ફલેટ નં. ૯૦૧,બિલ્ટ-અપ એરીયા માપ ૬૬૯.૪૧ ચો. ફુટ એટલે ૬૨.૧૯ ચો. મીટર, કાર્પેટ એરીયા માપ ૫૭.૦૮ ચો.મીટર એટલે ૬૧૪.૪૧ ચો. ફુટ પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા જે જમીન ઉપર બાંધકામ થયેલ પ્લોટ નં. ૨ માપ ૧૨૧૦૦ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૩૧ અને ૩૨, બ્લોક નં. ૧૧૧ માપ ૭૭૨૩૧.૦૦ ચો.મીટર, ટી.પી.એસ નં. ૬૯ (ગોડાદરા – ડિંડોલી), એફ.પી નં. ૯૯, ગામ. ડિંડોલી, તા. ઉધના, જી.સુરત ખાતે આવેલ છે.

તારીખ : ૦૧.૧૦.૨૦૨૫ । સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India
પાલ શાખા : દુકાન નં. ૧, ૨, ૩, સિલ્વર પોઈન્ટ, ગેલેક્સી સર્કલ, પાલ ગામ, સુરત-૩૯૫૦૦૯.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)
(સ્થાવર મિલકત માટે)

આથી,

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૧.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રી ઈશ્વરભાઈ રાજુભાઈ મારવાડી (કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૬,૩૪,૧૫૩/- (રૂા. સોળ લાખ ચોત્રીસ હજાર એકસો ત્રેપણ પુરા)** (તા. ૨૧.૦૭.૨૦૨૫ના રોજ મુદ્દલ વત્તા વ્યાજ નું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૭.૨૦૨૫ થી ચડ વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩(૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૧.૧૦.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા અને જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પાલ શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૬,૩૪,૧૫૩/- (રૂા. સોળ લાખ ચોત્રીસ હજાર એકસો ત્રેપણ પુરા)** (તા. ૨૧.૦૭.૨૦૨૫ના રોજ મુદ્દલ વતા વ્યાજ નું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૧.૦૭.૨૦૨૫ થી ચડ વ્યાજ, અન્ય ચાર્જીસ ના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રી ઈશ્વરભાઈ રાજુભાઈ મારવાડીની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૨૨૯, (કે.જે.પી ૭/૧૨ના રેકોર્ડ મુજબ પ્લોટ નં. ૩૧/૨૨૯) માં ગાયત્રી કૃપા રેસીડેન્સી થી જાણીતી સોસાયટી, કરડવાનો રેવન્યુ સર્વે નં. ૨૨+૨૩, બ્લોક નં. ૩૧ પૈકી સબ પ્લોટ નં. ૩ યાને કે સબ પ્લોટ નં. ૩૧/૩, ગામ-કરડવા, તાલુકા-ચોર્યાસી, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. કુલ ક્ષેત્રફળ આશરે પ્લોટ એરીયા ૪૨.૪૦ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ રસ્તા અને સીઓપી વાળી જમીનનો એરીયા ૨૧.૪૪ સ્કે.મીટર.

ચતુરસીમા : ● **ઉત્તરે :** પ્લોટ નં. ૨૩૦ ● **પુર્વે :** સોસાયટીનો રસ્તો ● **દક્ષિણે :** પ્લોટ નં. ૨૨૮ ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૦

તારીખ : ૦૧.૧૦.૨૦૨૫
સ્થળ : સુરત
સહી/- અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

જોઈએ છે

શ્રી ભારતીય વિદ્યા મંડળ, રામ કબીર શૈક્ષણિક સંકુલ, કામરેજ ચાર રસ્તા, જિ સુરત સંચાલિત શ્રી જે. એસ. ભક્ત અને શ્રી કે. એમ. ભક્ત આર્ટસ, શ્રી એ. અન. શાહ સાયન્સ અને શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનાં પત્રક્માંક કવટ / ISC-3/વર્ગ - 3 / NOC / 20597-98 તા: 23/09/2025 નાં પત્રથી નીચે મુજબની જગ્યાઓ સીધી ભરતીથી પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

ક્રમ	મંજૂર કરેલ જગ્યાનું નામ	મંજૂર કરેલ જગ્યાની સંખ્યા	અનામત કેટેગરી	વય મર્યાદા
૧	હેડક્લાર્ક	૦૧	OPEN	ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ
૨	સ્ટોરકીપર	૦૧	OPEN	

સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં નિયમિત કરી શકાશે. અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા વધઘટ અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ માં R.P.A.D. થી અરજી કરવી. અરજી સાથે L.C., ગુણપત્રકો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો પ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે. અરજી સાથે રૂ. ૧૦૦૦/- નો નોન રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ 'PRINCIPAL, ARTS, SCIENCE & COMMERCE COLLEGE, KAMREJ CHAR RASTA' ના નામનો સામેલ રાખી નીચેના સરનામે અરજી મોકલી આપવી. ભરતી અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ www.kholwadcollege.org ઉપર જોવી.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
શ્રી ભારતીય વિદ્યા મંડળ,
રામકબીર શૈક્ષણિક સંકુલ,
કામરેજ ચાર રસ્તા. તાઃ કામરેજ જિ.સુરત-૩૯૪૧૮૫

ક્રમાંક માહિતી-સૂરત/૮૮૯/૨૦૨૫

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૩.૦૪.૨૦૨૪ ના રોજ ઓર્ડર નં. CRMA ૪૮૨/૨૦૨૩ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૦૧/૦૭/૨૦૨૨** ના રોજ ઉધારકર્તાઓ **(૧). શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ S/0 ચંદ્રદેવ સિંઘ, પ્રોપાઈટર અજીત સિંઘ એન્ડ કંપની, રહેણાંક :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **અજીત સિંઘ અને કંપની, પ્રોપાઈટરશીપ ફર્મના શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ, ઓફિસ :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૨). શ્રીમતી દુર્ગેશ નંદની W/o અજીત ચંદ્રદેવ સિંઘ,** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૩). શ્રી ચંદ્રદેવ ગોરેલાલ સિંઘ S/o ગોરેલાલ જયલાલ સિંઘ, રહેણાંક :** ૬૦૫/૬૦૬, આંબાવાડી, તરસાડી, માંગરોળ, સુરત, ગુજરાત - ૩૯૪૧૨૦ નોટીસમાં દર્શાવેલ રકમ રૂા. ૭૬,૫૯,૧૨૭.૧૪ (રૂા. છોત્તેર લાખ ઓગણસાઈઠ હજાર એકસો સત્યાવીસ અને ચૌદ પૈસા પુરા), વાર્ષિક ૧૭.૯૦% વ્યાજ સાથે તા. ૦૧.૦૭.૨૦૨૨ થી માસિક બાકી રકમ વત્તા તમારા સંયુક્ત રીતે અને અલગ અલગ ખર્ચ, બેંકની વડોદરા / મકરપુરા શાખા સાથે, ઉપરોકત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા પડશે.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૧૦.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો).

ઉધારકર્તાઓને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની રકમ **રૂા. ૭૫,૩૨,૮૮૯/- (રૂા. પંચોતેર લાખ બત્રીસ હજાર આઠસો નેવ્યાસી પુરા)** તા. ૦૨.૧૦.૨૦૨૫ ના રોજ તમારા લોન એકાઉન્ટ નં. ૧૮૦૬૫૫૦૦૦૦૦૧૭૨ હેઠળ તમારા તરફથી બાકી રકમ વત્તા અન્ય ચાર્જીસ, કોસ્ટ અને વ્યાજ સાથે બોજાને આધિન રહેશે.

સ્થાવર મિલ્કતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨, કુલ ક્ષેત્રફળ ૪૫૫.૨૫ સ્કે.મી. બાંધકામ સાથે, નિલકંઠ સોસાયટી થી જાણીતી સ્કીમ, જમીનનો આર.એસ. નં. ૪૨૩, મોજે - તરસાડી, તાલુકો - માંગરોળ, જીલ્લો - સુરત, ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** જાહેર રોડ, **પશ્ચિમે :** આર.એસ. નં. ૪૨૩ ના અન્ય પ્લોટ, આર.એસ. નં. ૪૨૩ ની માર્જીન જમીન છોડીને, **ઉત્તરે :** જાહેર રોડની જમીન, **દક્ષિણે :** આર.એસ. નં. ૪૨૮ ની જમીન, આર.એસ. નં. ૪૨૩ ની ખુલ્લી જમીન છોડીને.

તારીખ : ૦૨.૧૦.૨૦૨૫
સ્થળ : માંગરોળ
અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમિટેડ